## મેઘરજના ઈપલોડા ગામે ૪૮ ગેરકાયદેસર દબાણો દૂર કરાયા : પોલીસ કાફલો ખડકાયો



અરવલ્લી જીલ્લાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં ગેરકાયદેસર દબાણો ઠેર ઠેર જોવા મળી રહ્યા છે ગ્રામ્ય વિસ્તારોમાં ગૌચર અને સરકારી પડતર જમીન અને રોડ રસ્તા પર પણ દબાણકારો દબાણ કરી કાચા-પાકા બાંધ કામ કરી દીધા છે મેઘરજ તાલુકાના ઈપલોડા ગામમાં રોડ પર કરેલા દબાણોથી રસ્તાનું અસ્તીત્વ જોખમાયું હતું આખરે ગ્રામ પંચાયતે ૪૮ દબાણો જેસીબી મશીન અને બુલડોઝરથી દૂર કર્યા હતા ગામમાં દબાણો દૂર કરવામાં અડચણ પેદા ન થાય તે માટે મેઘરજ પોલીસ ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દીધો હતો. મેઘરજ તાલુકા ના ઈપલોડા ગામે વર્ષો થી મુખ્ય માર્ગો પર દબાણ એક પેચીદો પ્રશ્ન હતો ત્યારે છેલ્લા કેટલાક સમયથી દબાણ ગામલોકો માટે માથાના દુખાવા સમાન સાબિત થતા અને દબાણકારોની હિંમત ખુલી હોય તેમ સતત દબાણ વધારતાં રહેતા હોવાથી આખરે ઈપલોડા ગ્રામ પંચાયત સરપંચ ઉપસરપંચ અને સભ્યો એ ઠરાવ કરી ગામ માં નડતર રૂપ ૪૮ દબાણો માપી અને નક્કી કરાયા હતા શનિવારે સવારે ચુસ્ત પોલીસ બંદોબસ્ત સાથે ગ્રામ પંચાયતની બોડી સહિત સરકારી અધિકારીઓ તલાટી ની હાજરી માં ૪૮ નડતર રૂપ દબાણો દૂર કરાયા સમગ્ર ગામ માં ત્રણ ત્રણ બુલડોઝર લગાવી તમામ દબાણો દૂર કરાતા કુલ ૩૦ ફૂટ રાજમાર્ગ ખુલ્લો કરાયો હતો ગ્રામજનોએ પણ ગ્રામ પંચાયત અને વહીવટી તંત્રની શખ્ત કાર્યવાહી ના પગલે દબાણો દૂર કરવા સહકાર આપ્યો હતો

## પ્રાંતિજ ખાતે મોદી સમાજના નવા હોદ્દેદારોની સર્વાનુમતે વરણી કરવામાં આવી


સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે રહેતા મોદી સમાજ દ્વારા સમાજના નવા હોદ્દેદારોની વરણી સર્વાનુમતે કરવામા આવી તો અગાઉના હોદ્દેદારોને સન્માન સાથે વિદાય અપાઇ.પ્રાંતિજ ખાતે રહેતા મોદી સમાજ દ્વારા છેલ્લા કેટલાય વર્ષોથી મોદી સમાજ મંડળની રચના કરવામા આવી છે જેમા મંડળ ના ચાલુ હોદ્દેદારો ની ટમ પુર્ણ થતા નવા હોદ્દેદારો ની સર્વાનુમતે વરણી કરવામા આવી હતી જેમા પ્રમુખ તરીકે ભાવેશ કુમાર નટવરલાલમોદી, ઉપપ્રમુખ તરીકે અરવિંદ ભાઇ ત્રિભોવનદાસ મોદી, મંત્રી તરીકે હિતેષભાઇ જસંવતલાલ મોદી, સહમંત્રી તરીકે રાજેશકુમાર રસિકલાલ મોદી , એકાઉન્ટ તરીકે મહેન્દ્ર કુમાર અમૃતલાલ મોદી તેમજ ઓડિટર તરીકે મનોજ કુમાર રમેશચંદ્રની સર્વાનુમતે વરણી કરવામા આવી હતી જેને સમાજ ના લોકોએ વધાવી લીધી હતી તો ગત વર્ષ ના પ્રમુખ પંકજભાઇ સોમાલાલ મોદી તેમજ તેમની ટીમ દ્વારા કરવામા આવેલ સમાજ લક્ષી કામો ની પ્રસંશા કરવામા આવી હતી અને સમગ્ર ટીમ ને સન્માન સાથે વિદાય આપવામા આવી હતી.

## ધનસુરા જવાહર નવોદય વિદ્યાલયમાં ધોરણ-૬ માં પ્રવેશ માટેની પરીક્ષા યોજાઈ હતી



અરવલ્લી જિલ્લામાં જવાહર નવોદય વિદ્યાલય માં ધોરણ ૬માં પ્રવેશ માટે ની પરીક્ષા યોજાઈ હતી.આ માટે એલ.ઇ.એસ.ટી (લેટ્રલ એન્ટ્રી સિલેક્શન ટેસ્ટ) ૨૦૨૨-૨૦૨૩ પરીક્ષા યોજાઈ હતી ધોરણ ૬ માં ૮૦ જગ્યાઓ ના પ્રવેશ માટે અરવલ્લી જિલ્લામાં આ પરીક્ષા યોજાઇ હતી જેમાં જિલ્લાના ૬ તાલુકાઓના ૬૦૦૨ વિદ્યાર્થીઓ એ ઉમેદવારી કરી હતી. જેમાંથી ૪૯૫૯ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી.અરવલ્લી જિલ્લામાં ધનસુરા, વડાગામ સહિત કુલ ૩૮ કેન્દ્રો પર આ પરીક્ષા યોજાઇ હતી.ધનસુરા માં જે.એસ.મહેતા હાઈસ્કૂલ અને ગર્લ્સ હાઈસ્કૂલ ખાતે પરીક્ષા યોજાઈ હતી.અરવલ્લી જિલ્લા કલેક્ટર નરેન્દ્ર કુમાર મીણા ના માર્ગદર્શન હેઠળ જવાહર નવોદય વિદ્યાલય ના પ્રિન્સીપાલ શ્રી પ્રવિંદ ક્રિષ્નન ની દેખરેખ માં આ પરીક્ષા યોજાઇ હતી જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો.આ પરીક્ષા ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે યોજાઈ હતી. જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.અરવલ્લી કલેક્ટર તેમજ જિલ્લા શિક્ષણાધિકારી ની કચેરી ના સહકાર થી પરીક્ષા યોજાઇ હતી.

## ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી - ડીસાને વર્લ્ડ બુક ઓફ રેકર્ડ દ્વારા પ્રમાણપત્ર એનાયત



ઈન્ડીયન રેડક્રોસ સોસાયટી- ડીસાના સેક્રેટરી- બળદેવભાઈ રાયકા દ્વારા વર્ષ ૨૦૧૮ થી ૨૦૨૩ નું 'વર્ક પર્ફોર્મન્સ રિપોર્ટ કાર્ડ' રજૂ કરવામાં આવ્યું.તેમા નેશનલ ઈન્ટીગ્રેટર ઓફ ફોરમ આર્ટિસ્ટ એન્ડ એક્ટિવિસ્ટ સંસ્થા દ્વારા રેડક્રોસ સોસાયટી -ડીસાને 'ઈન્ટરનેશનલ નેશનલ લાઈફ સેવર એવોર્ડ' અપાયો હોવાનું જણાવી સાથે તેના માધ્યમથી ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી- ડીસા (બનાસકાંઠા, ગુજરાત) (ભારત) એ વિશ્વ રેકોર્ડ નોંધાવ્યો તેમાં સહભાગી થયા.તે બાબતે વર્લ્ડ બુક ઓફ રેકોર્ડ (લંડન) દ્વારા પ્રમાણપત્ર અપાયું. તેથી પ્રમુખ - અરૂણભાઈ કડેલ અને સેક્રેટરી - બળદેવભાઈ રાયકા અને તેમની સમગ્ર કારોબારી સમિતિને સન્માનિત કરી અભિનંદન પાઠવ્યા હતા. ૨૬ એપ્રિલ ૨૦૨૨ ના રોજ સોસાયટીની જનરલ સાધારણ સભા પણ મળી હતી. જેમાં વર્ષ ૨૦૨૨ થી ૨૦૨૫ સુધીની વહીવટી વ્યવસ્થા માટે તમામ પૂર્વ પ્રમુખ, કાર્યરત હોદ્દેદારો, કારોબારી સભ્યો અને સામાન્ય સભ્યોની હાજરીમાં નવીન હોદ્દેદારોની નિમણૂક કરવામાં આવી હતી. તેમાં ચેરમેન - પ્રકાશભાઈ ઠક્કર, વાઈસ ચેરમેન - અશ્વિનભાઈ પરમાર, સેક્રેટરી - બળદેવભાઈ રાયકા, જોઈન્ટ સેક્રેટરી- દેવેન્દ્રભાઈ રાજપુત વગેરેની સત્તાવાર બહુમતીથી બિનહરીફ વરણી કરવામાં આવી હતી. તેમજ કારોબારી સભ્ય તરીકે ડો.રમેશભાઈ વારડે, ડો.નિસર્ગભાઈ જોશી, અપૂર્વભાઈ ઝાલમોરા, ડો. પ્રવીણભાઈ ઠક્કર, લલિતભાઈ દોશી, શંકરભાઈ કતીરા, મહેશભાઈ મનવર, રમેશભાઈ દેલવાડીયા, પ્રહલાદભાઈ ઠક્કર, અને ઈન્તકામ આલમ શેખ (સમીરભાઈ) વગેરેની વરણી કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું માઈક સંચાલન મોતીલાલ આસ્નાની દ્વારા અને રોટરી કલબ દ્વારા નિઃશુલ્ક હોલની વ્યવસ્થા પુરી પાડવામાં આવી હતી.

# સાબરકાંઠા, અરવલ્લીમાં રાજસ્થાનને જોડતી ૧૪ ચેકપોસ્ટ ન ધણિયાતની સ્થિતિમાં

### ચેકપોસ્ટોને આધુનિક બનાવવાને બદલે બંધ રાખવામાં કોનું હિત..?? : પોલીસ ચેકપોસ્ટ વિદેશી દારુ ઘૂસાડવાનું ખોળીબારુ બની

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૩૦ સાબરકાંઠા, અરવલ્લી



જિલ્લામાં રાજસ્થાનને જોડતી ૧૪ ચેકપોસ્ટ ન ધણિયાતની હાલતમાં જોવા મળી રહી છે. છેલ્લા દોઢ વર્ષથી ચેકપોસ્ટ ઉપર નામ પૂરતો બંદોબસ્ત રહેતો હોવાથી વિદેશી દારૂ ઘુસાડવા માટે ચેકપોસ્ટો ખોળીબાર બની છે. પોલીસ ચેકપોસ્ટોને આધુનિક બનાવાને બદલે બંધ રાખવામાં કોનું હિત સમાયેલું છે તે ચર્ચાનો વિષય બન્યો છે. જિલ્લામાં વિદેશી દારૂની હેરાફેરી અટકાવામાં પોલીસ નિષ્ફળ રહી છે. વાહનોમાં રોજ લાખો રૂપિયાનો વિદેશી દારૂ ઘુસાડવામાં બુટલેગરો સફળ રહ્યા છે જેમાં યોગ્ય બાતમીના આધારે જ અથવા તો કડક વાહન ચેકીંગ સમયે વિદેશી દારુનો જથ્થો ઝડપાતાં હોય છે. વિદેશી દારુ ઉપરાંત હવે નશીલા દ્રવ્યો ઘુસાડવામાં ડ્રગ કેરીયર સક્રીય થયા છે. વિદેશી દારુ તેમજ માદક પદાર્થનો જથ્થો સરહદી રાજસ્થાનમાંથી ઘુસાડવામાં આવતો હોવા છતાં બંને જિલ્લાની પોલીસ ચેકપોસ્ટને આધુનિક બનાવાનું ભૂલાયું છે. માત્ર તંબુ જેવી પોલીસ ચેકપોસ્ટો ઉપર કોઈ પોલીસ કર્મચારી હાજર ન રહેતા ન હોવાથી કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સામે ગંભીર છડાં જોવા મળે છે. સાબરકાંઠામાં ખેડબ્રહ્માની ખેડવા, પઢારા, ખેરોજની કોટડાગઢી, પોશીનાની મામાપીપલા, આંજણી, વિજયનગરની પરોસડા, રાણી, દૈયા, ખોખરા, ચિઠોડાની પાલચિતરીયા અને અરવલ્લીમાં શામળાજીની રતનપુર, મેઘરજની ઉન્ડવા, કાલીયાકૂવા તેમજ શામળાજીની ઝાંઝરી પોલીસ ચેકપોસ્ટનું વધુ પોલીસ સ્ટાફ સાથે આધુનિકરણ કરવું વર્તમાન સમયમાં જરુરી હોવા છતાં તમામ ચેકપોસ્ટ રામભરોસે મૂકી દેવામાં આવી છે. એકમાત્ર શામળાજી અને ઉડવા ચેકપોસ્ટ ઉપર ક્યારેક પોલીસ સરકારી વાહનો થોભાવી આવતા જતા વાહનોના ચેકીંગના નામે કામગીરીનો દેખાડો કરતી જોવા મળતી હોય છે. જ્યારે ઉંડાણના વિસ્તારોમાં ગેરકાયદેસર પ્રવૃત્તિઓ ઉપર રોક લગાવાના આશયે શરુ કરવામાં આવેલી પોલીસ ચેકપોસ્ટ છેલ્લા દોઢ વર્ષથી વિદેશી દારૂ ઘુસાડવા માટે સ્વર્ગ સમાન સાબિત થતી હોવાના આક્ષેપો થવા લાગ્યા છે. પોલીસ દ્વારા જિલ્લા મથકોના પોલીસ સ્ટેશનોનું આધુનિકરણ થઈ રહ્યું છે પરંતુ રાજસ્થાનને જોડતી આંતરરાજ્ય પોલીસ ચેકપોસ્ટને વધુ સુવિધાજનક બનાવાનો આજદિન સુધી કોઈ પ્રયાસ થયો ન હોવાથી ચેકપોસ્ટનો મુખ્ય હેતુ મરી પરવાર્યો છે.



#### જિલ્લામાં ચેકપોસ્ટ....

| જિલ્લો | ચેકપોસ્ટ |
|---|---|
| સાબરકાંઠા | ખેડવા, પઢારા, કોટડાગઢી,મામાપીપલા, પાલચિતરીયા, આંજણી, પરોસડા, રાણી, દયા, ખોખરા |
| અરવલ્લી | રતનપુર, ઉન્ડવા, કાલીયાકૂવા, ઝાંઝરી |

#### કોરોનાકાળથી ચેકપોસ્ટની કામગીરી બંધ...

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં ગેરકાયદેસર ચાલતી પ્રવૃત્તિઓ ઉપર રોક લગાવાની સાથે વિદેશી દારુ ઉપરાંત માદક દ્રવ્યોની હેરાફેરી અટકાવા સરહદી રાજસ્થાનને જોડતા સ્થળોએ પોલીસ ચેકપોસ્ટ ઉભી કરવામાં આવી હતી પરંતુ કોરોનાકાળથી કામગીરી સદંતર બંધ રહેતાં ગેરકાયદેસર પ્રવૃત્તિમાં વધારો થઈ રહ્યો છે.

### પ્રાંતિજ તાલુકામાં તસ્કરોના ધામા

# ડેરીઓ , સેવા સહકારી મંડળીઓ તથા એક ગલ્લાનું તાળુતોડી અંદાજે ૪૫,૦૦૦ની ચોરી

**એકજ રાત્રીમા તસ્કરોએ પાંચ ગામોને નિશાન બનાવતા તાલુકાના લોકોમા ભયનો માહોલ : રાત્રીનો પોલીસ પેટ્રોલિંગ સઘન બનાવવા ગ્રામજનોની માંગ : પોગલુ ડેરીમાંથી એક ઘીનો ડબ્બો તથા ગલ્લામા છુટક તેલની ચોરી : તસ્કરો ડેરી તથા સહકારી મંડળીઓમા લાગેલ સીસીટીવી કેમેરામા કેદ : આઠ દિવસ બાદ ફરી તસ્કરોએ તાલુકામા પાંચ ગામોને નિશાન બનાવ્યા**

પ્રાંતિજ તા.૩૦ સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકામા તસ્કરોએ ધામા નાખ્યા હોય તેમ એક બ્રેકબાદ આઠ દિવસ બાદ ફરી તસ્કરોએ પલ્લાચર, વદરાડ, જુના બાકરપુર, પોગલુ સહિત બાલીસણા ગામમા તસ્કરોએ તરખાટ મચાવ્યો હતો જેમા તસ્કરો દ્વારા એક ઘી ડબ્બો , છુટક તેલ સહિત અંદાજે ૪૫ હજાર પલ્લાચર ખાતે દુધ ડેરીના તાળા દુધ ડેરીમા સરસામાન વેરવિખેર કરી અંદાજે ૩૫,૦૦૦ ની મતાની ચોરી કરીહતી જયારે ગામમા આવેલ સહકારી મંડળી ના તાળા તોડી હતી તથા ગામમા આવેલ એક ગલ્લાનુ તાંળુ તોડીને તેની અંદર થી છુટક તેલ ની ચોરી ગયા હતા તો વદરાડ ખાતે આવેલ સહકારી મંડળીના તાળા તોડી અંદર ગામમા બધા જાગી જતા તસ્કરો તેવોની સાથે લઈ ને આવેલ પલ્સર બાઈક લઈ ભાગી ગયાહતા જયારે પલ્સર બાઈક લઈ ને આવેલ ત્રણેય તસ્કરો સોસાયટીઓ સહકારી કરવામા આવી હતી તો પ્રાંતિજ પોલીસ પણ ઘટના સ્થળે દોડીજઈ સીસીટીવી ફુટેજ ના આધારે તસ્કરો ની શોધખોળ હાથ ધરવામા આવી હતી તો










પાંચ ગામોને નિશાન બનાવી સરસામાન સહિત અંદાજે ૪૫ હજાર ની રોકડ રકમ ની ચોરી કરી પલાયન થતા પ્રાંતિજ પોલીસ ને જાણ કરવામા આવી પ્રાંતિજ તાલુકાના ની રોકડ રકમ ની ચોરી થઈ હોવાનુ જાણવા મલ્યુ છે ત્યારે પ્રાંતિજ તાલુકામા ઉપરા ઉપરી તસ્કરો દ્વારા નિશાન બનાવતા તાલુકાના ગામજનોમાં હાલતો ભંય નો માહોલ જોવા મળી રહ્યો છે ત્યારે પ્રાંતિજ ના અંદર પ્રવેશ કરી સરસામાન વેરવિખેર કરી અંદાજે ૪૬૦૦ ની ચોરી કરી હોવાનુ જાણવા મલ્યુ હતુ જયારે પોગલુ ખાતે પણ ડેરીનું તાળુ તોળી અંદર પ્રવેશ કરી સર સામાન વેરવિખેર ઘી ના ડબ્બાની ચોરી કરી સરસામાન વેરવિખેર કર્યો હતો તો જુના બાકરપુર ગામે પણ દુધ ડેરી નુ તાળુ તોડી તીજોરીના તાળા તોડી સરસામાન વેરવિખેર કર્યો હતો જયારે બાલીસણ ગામમા સહકારી મંડળી તથા ડેરીના તાળા તોડયા પણ મંડળીઓ ,દુધ ડેરીઓમા લાગેલ સીસીટીવી કેમેરાઓમા કેદ થઈ ગયા હતા તો ડેરીઓ, મંડળીઓના તાળા તુટતા આ અંગેની જાણ મંડળી દુધ ડેરી ના સેકેટરીઓ દ્વારા પ્રાંતિજ પોલીસ સ્ટેશન મા જાણ હમરાહમરા તસ્કરોએ પ્રાંતિજ તાલુકામા ધામા નાખ્યા હોય તેમ ઉપરા-ઉપરી ચોરીને અંજામ આપવામા આવતા તાલુકામા ગ્રામજનોમા ભયનો માહોલ જોવા મળી રહ્યો છે.

## બેરણાના ખેતરમાં તિક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી ભાગીયાની હત્યા કરાઈ

### હત્યારાએ ઉંઘમાં જ ૬૦ વર્ષિય ભાગીયાને પતાવી દીધો

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૩૦ હિંમતનગર તાલુકાના બેરણા ગામની સીમમાં રાત્રે ખેતરમાં સૂતા ૬૦ વર્ષિય ભાગીયાને તિક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી હત્યા કરી દેવામાં આવતાં ચકચાર મચી છે. હત્યારાએ ખાટલામાં જ ઘાતકી રીતે ભાગીયાને મોતને ઘાટ ઉતારતાં પોલીસ દ્વારા હત્યાનો ભેદ ઉકેલવા માટે એક એસ.એલ. તેમજ ડગ સ્કવોડની મદદ લેવામાં આવી છે. બનાવ અંગે ગાંભોઈ પોલીસે અજાણ્યાં હત્યારા વિરુદ્ધ ગુનો નોંધી તપાસ શરુ કરી



હત્યાના બનાવોએ પોલીસ તંત્રને કાળઝાળ ઉનાળામાં ઉંધા માથે પકડ્યું છે. તાલુકાના બેરણા ગામના ખેડૂત રાજેશ કોદરભાઈ પટેલના ખેતરમાં છેલ્લા ૩ વર્ષથી ભાગીયા તરીકે કામ કરતા ભરુચ જિલ્લાના કવિઠા ગામના રમણભાઈ ઉર્ફે મામા હિરાભાઈ વસાવા તા.૨૭ના રોજ રાત્રે રોજીંદા ક્રમ મુજબ ખેતરમાં જ ખાટલો ઢાળીને સૂતા હતા જે દરમ્યાન ખેતરમાં પ્રવેશેલા કોઈ અજાણ્યા હત્યારાએ ભાગીયાને ડાબી આંખથી ડાબા કાન વચ્ચેના ભાગે ધારદાર હથિયારના ઘા ઝીંકી હત્યા કરી નાખી હતી. બીજા દિવસે સવારે ખેતરમાં પહોંચેલા ખેડૂત હત્યા કરેલો મૃતદેહ જોતાં ચોંકી ઉઠ્યા. બનાવની જાણ ગાંભોઈ પોલીસને કરવામાં આવતાં પોલીસ કાફલો ખેતરમાં પહોંચ્યો હતો જ્યાં હત્યારા તિક્ષ્ણ હથિયારથી ભાગીયાની હત્યા કર્યાનું જણાઈ આવતાં તાબડતોબ ડગ સ્કવોર્ડ તેમજ એફ.એસ.એલ.ને બોલાવામાં આવી હતી પરંતુ હત્યારાનાં કોઈ સુરાગ મળ્યા નથી. ૩ વર્ષથી ખેડૂતને ત્યાં ભાગમાં ખેતી કરનાર ભરુચ જિલ્લાના ઈસમની કયા કારણોસર હત્યા કરવામાં આવી છે તે કહેવું હાલ પોલીસ માટે મુશ્કેલ બન્યું છે. બનાવ અંગે ખેડૂતની ફરિયાદના આધારે ગાંભોઈ પોલીસે હત્યાનો ગુનો નોંધી અલગ અલગ દીશામાં તપાસ શરુ કરી છે.

## નવા ઓઢામાં વહેમીલા પતિએ પત્નીની ગળે ટૂંપો આપી હત્યા કરી

### ખાટલામાં દોરડાથી ઢીમ ઢાળી દીધું

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૩૦ બાયડ તાલુકાના નવાઓઢા(ડુંગરી) ગામે પત્નિ ઉપર વહેમ રાખી શંકાશીલ પતિએ પત્નિના ગળેટૂંપો આપી હત્યા કરી નાખતા સનસનાટી મચી છે. પત્નિ રાત્રે ખાટલામાં સૂતી હતી તે સમયે પતિએ દોરડા વડે ટૂંપો આપી ઠંડા કલેજે મોતને ઘાટ ઉતારી નાખતાં સાઠંબા પોલીસે પતિની હત્યાના આરોપસર અટકાયત કરી લોકઅપમાં ધકેલ્યો છે.

ગરમીનો પારો ઉંચકાતાં ગંભીર પ્રકારના ગુનાનો ગ્રાફ ઉંચકાયો છે. છેલ્લા કેટલાક સમયથી હત્યા અને હત્યાના પ્રયાસના ગુના વધતાં પોલીસ દોડતી થઈ છે. તાલુકાના નવાઓઢાડુંગરી) ગામના રાયમલ ઉદેસિંહ ખાંટ પત્નિ ભાવના ખાંટ ઉપર છેલ્લા કેટલાક સમયથી વહેમ રાખતો હતો જેમાં તા.૨૮ના રોજ શંકાશીલ પતિએ પત્નિનું કાસળ કાઢવાના ઈરાદા સાથે રાત્રે ખાટલામાં જ દોરડા વડે ટૂંપો આપી ભાવના ખાંટની હત્યા કરી નાખી હતી. સવારે ખાટલામાં મહિલાની હત્યા કરાયેલો મૃતદેહ જોવા





મળતાં લોકટોળાં એકત્ર થઈ ગયાં હતાં. પોલીસની પ્રાથમિક તપાસમાં જ વહેમના કારણે પતિ દ્વારા હત્યા કરવામાં આવી હોવાનું ખૂલ્યું હતું જેથી હત્યારા પતિની અટકાયત કરવામાં આવી છે. બનાવ અંગે રુપાભાઈ રામાભાઈ પગીની ફરિયાદના આધારે સાઠંબા પોલીસે હત્યાનો ગુનો નોંધી તપાસ શરુ કરવામાં આવી છે. હાલ માત્ર વહેમના કારણે પતિએ પતિની હત્યા કર્યાનું બહાર આવ્યું છે પરંતુ મૃતકને અન્ય પરપુરુષ સાથે આડા સબંધો હતા કે કેમ..?? વગેરે સવાલો તપાસનો વિષય બન્યા છે. પતિએ ખોટા વહેમમાં હત્યા કરી હોવાથી સાસરીયાઓમાં જબ્બર આક્રોશ પ્રવર્તિ રહ્યો છે.

## સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરના આઈસીઆઈસીઆઈ બેંકમાં ખાતાં ખોલવાના પરીપત્ર સામે રોષ


**ઉત્તર ગુજરાતના ૧૪૦૦ બી.આર.સી., સી.આર.સી.નો વિરોધ : અંતરીયાળ ગામડાઓમાં બેંકની સુવિધા નથી, દૂર જવાની નોબત આવશે**

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૩૦ સર્વ શિક્ષા અભિયાનના સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરે રાજ્યની સરકારી પ્રાથમિક શાળાઓની એસ.એમ. સી. કમીટી ઉપરાંત સી.આર.સી. અને બી.આર.સી.ને તેમના બેંક એકાઉન્ટ આઈ.સી. આઈ.સી.આઈ. બેંકમાં ખોલવા અંગેનો પરીપત્ર કરતાં રાજ્ય સહિત ઉત્તર ગુજરાતમાં વિરોધ શરુ થયો છે. રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘે પણ ગામડાઓ અને તાલુકા મથકે મોટાભાગે આઈ.સી. આઈ.સી.આઈ. બેંક કાર્યરત ન હોવાથી હાલમાં જે બેંકોમાં એકાઉન્ટ છે તે ચાલુ રાખવા રજૂઆત કરી છે. જ્યારે ઉત્તર ગુજરાતના ૧૪૦૦ થી વધુ બી.આર.સી., સી.આર.સી. અને ૯૦૦૦ શાળાઓની એસ.એમ.સી. કમીટીએ પણ પરીપત્ર મુદ્દે નારાજગી વ્યક્ત કરી છે. પ્રાપ્ત જાણકારી અનુસાર સર્વશિક્ષા અભિયાન ગુજરાત રાજ્યની ગાંધીનગર સ્થિત કચેરીના સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર દ્વારા ૭-૪-૨૨ના પરીપત્રથી તમામ જિલ્લાના એસ.એમ.સી., સી.આર.સી. અને બી.આર.સી.ના બેંક ખાતા જીરો બેલેન્સથી આઈ.સી. આઈ.સી.આઈ. બેંકમાં ખોલવા માટે સૂચના આપવામાં આવી છે. પરંતુ રાજ્યના મોટાભાગના અંતરીયાળ વિસ્તારોમાં દરેક ગામ અને તાલુકા મથકે બેંકની શાખા કાર્યરત ન હોવાથી સરકારના આ નિર્ણય સામે શિક્ષકોમાં વિરોધ જોવા મળી રહ્યો છે. દરેક જિલ્લામાંથી રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘને વિરોધની જાણકારી મળતાં આખરે રાજ્ય સરકાર સમક્ષ એકપત્ર લખી આઈ.સી.આઈ.સી.આઈ. બેંકમાં ખાતાં ખોલવાનાં નિર્ણય રદ કરવા માટે માંગ કરવામાં આવી છે. બેંક સાથે વ્યવહારમાં શિક્ષકોને અન્ય તાલુકામાં આવેલી દૂરની શાખામાં દોડવું પડશે. જેમાં સમય અને પૈસાનો વ્યય થઈ શકે છે. જ્યારે નાણાંકીય લેવડદેવડ અને વહીવટી પ્રક્રીયા પાછળ દોડાદોડીથી શિક્ષણ કાર્યને પણ માઠી અસર થવાની સંભાવના છે. સરકારની ગ્રાન્ટમાંથી થતા કામોમાં સ્થાનિક માણસ પાસે કામ કરાવાનું થતું હોય છે જેમાં ગામડાના મજૂર વર્ગ તેમજ કારીગર વર્ગ પાસે આઈ.સી.આઈ. સી.આઈ. બેંકનું ખાતું ન હોવાથી મુશ્કેલી વધી શકે છે. જ્યારે દર ૨ વર્ષ એસ.એમ.સી. મહિલા સભ્યના સહીના નમુના માટે ૩૦ થી ૪૦ કી.મી. દુર જવું પડે તેમ હોવાથી આ નિર્ણય યોગ્ય નથી. જ્યારે આઈ.સી.આઈ.સી.આઈ. બંકમાં પાનકાર્ડ ફરજીયાત છે. સરકારી કર્મચારીના ખાતામાં એસ.એમ.સી. ડ્રાફ અથવા તો ચેક બતાવાથી ઈક્રમટેક્ષમાં ઓનલાઈન ટેક્ષ તેમજ આવકનો ટેક્સ બાબતે મુશ્કેલી ઉભી થઈ શકે તેમ હોવાથી રાજયભરમાં આઈ.સી. આઈ.સી.આઈ. બેંકના ખાતા ખોલવામાં નિર્ણયના શિક્ષકોએ વિરોધ કર્યો છે. જાણવા મળ્યાં મુજબ અરવલ્લી જિલ્લામાં માત્ર મોડાસા અને બાયડ તાલુકા મથકે આઈ.સી.આઈ.સી.આઈ. બેંકની શાખા છે. જ્યારે અન્ય તાલુકામાં બેંકની શાખા ન હોવાથી શિક્ષકોની હાલાકી વધે તેમ હોવાથી શિક્ષકોએ રાજ્યના અન્ય શિક્ષકો સાથે વિરોધમાં સૂર પુરાવ્યો છે. આવી જ સ્થિતિ ઉત્તર ગુજરાતના ૫ જિલ્લા અને ૪૭ તાલુકા માટે પણ ઉભી થઈ છે.

## જન્મદિને વધામણી



આનદ ગિરી ગોસ્વામી,
પત્રકાર
રાજેન્દ્ર નગર,
તા. હિંમતનગર



અશોકભાઈ પટેલ
બાયડ હાઈસ્કૂલ
બાયડ ગામ
જિલ્લો અરવલ્લી



મુકેશભાઈ પ્રજાપતિ,
આચાર્ય, મોટા લાલપુર પ્રાથમિક શાળા
સ્વામિનારાયણ સોસાયટી વિભાગ-૨, બાયડ જી.અરવલ્લી



કૈલાસબેન પ્રજાપતિ
ગાંધીનગર